**<u>ક્રિમીનલ અપીલ નં. ૨૯/૨૦૨૫</u>**

**<u>આંક:૦૪ની સ્ટે અરજી લગત હુકમ</u>**

આ કામે હાલના અરજદારે આ અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૪૩૦(૧) નીચે અપીલ ચાલતાં સમય દરમ્યાન તેમને જામીન ઉપર મુકત કરવા માટે કરેલ છે. અરજદાર તરફે વિ.વ.શ્રી એમ.એન.ડામોરને સાંભળ્યા.અરજદારે હાલની અપીલ ઝાલોદ ના વિ. એડી.ચીફ જયુ.શ્રીની કોર્ટના ક્રિમી.કેસ નં.૯૫૬/૧૯ ના કામે તેઓને ઈ.પી.કો.ક.૩૫૪(એ) મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી દોઢ વર્ષની કેદની સજા અને દંડ ભરવાનો જે હુકમ કરેલ તેના વિરૂઘ્ઘ કરેલ છે. અહી અરજદાર વિરૂઘ્ઘ ફરમાવવામા આવેલ સજા વધુમા વધુ દોઢ વર્ષની છે. અહી ના. સર્વોચ્ચ અદાલતે **Surinder Singh Deswal @ Deswal & Ors. Vs. Virender Gandhi & Anr. (Criminal Appeal Nos. 1936-1963 fo 2019)** મા ઠરાવેલ સિઘ્ઘાંતો ઘ્યાને લેતા તથા તેમજ અરજદાર ચાલુ ટ્રાયલ દરમ્યાન જામીન મુકત હોઈ તેમજ તેઓએ દંડની રકમ વિ. ટ્રાયલ કોર્ટમા જમા કરાવેલ હોઈ તેમના વિરૂઘ્ઘ થયેલ સજાનો હુકમ અપીલ પીરીયડ પુરતો મોકુફ રાખી અરજદારને યોગ્ય શરતોને આધીન અપીલ પીરીયડ દરમ્યાન જામીન ઉપર મુકત કરવા યોગ્ય જણાતુ હોઈ નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**:: <u>હુ ક મ</u> ::**

અરજદારની હાલની અરજી મંજુર કરવામા આવે છે તથા અપીલના આખરી નિર્ણય સુધી વિ. ટ્રાયલ કોર્ટનો કેદની સજાનો હુકમ મુલત્વની રાખવાનો હુકમ કરવામા આવે છે.

અરજદારે **રૂા.૧૦,૦૦૦/–**ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા ક્રિમીનલ બ્રાન્ચમા રજુ કરેથી નીચેની શરતોને આધીન અપીલ પીરીયડ દરમ્યાન જામીન મુકત કરવામા આવે છે.

**<u>શરતો</u>** : –

(૧) અરજદારે અદાલતની પૂર્વ પરવાનગી વગર પોતાનુ રહેઠાંણનુ સરનામુ બદલવુ નહી.

(૨) અરજદારે અદાલત જયાં અને જયારે ફરમાવે ત્યારે હાજર રહેવુ.

(૩) અરજદારે પોતાના તથા જામીનદારના તાજેતરના બે પાસપોર્ટ સાઈઝના ફોટા તથા ટેલીફોન/મોબાઈલ નંબર પુરાવામા માન્ય રહે તેવુ એડ્રેસ પ્રુફ જામીનખત આપતી વખતે રજુ કરવા.

હુકમ આજ તા.૦૮મી માહે એપ્રીલ સને ૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભાળવી જાહેર કર્યો.

તારીખ : ૦૮–૦૪–૨૦૨૫
સ્થળ : દાહોદ

**(જયેન્દ્રકુમાર નવનીતલાલ વ્યાસ)**
સેશન્સ જજ
દાહોદ
જજ કોડ નં.GJ00530

***//C.H.B.//***